### વરસાદની ભારે આગાહી અને ગંદકી-રોગચાળાની દહેશત વચ્ચે

# પાલનપુર નગરપાલિકાના નગરસેવકો શહેરને રેઢું મૂકી ગોવાની સહેલગાહે

સરહદી બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદની આગાહીને પગલે જિલ્લા વહીવટી તંત્ર એલર્ટ બન્યું છે. અને અધિકારીઓ અને કર્મચારીઓની રજા રદ કરી તેઓને હેડક્વાટર્સ ન છોડવાની તાકીદ કરાઈ છે. ત્યારે બીજીબાજુ ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ના ભાજપી નગરસેવકો શહેરને રેઢું મૂકી ગોવાની સહેલગાહે ગયા હોવાની સોશિયલ મીડિયામાં વહેતી થયેલી વાતો ટોક ઓફ ધી ટાઉન બની છે.



ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાના શાસક પક્ષ ભાજપના ડઝનથી વધુ નગરસેવકો ગોવાની સફરે ગયા હોવાના અહેવાલ સોશિયલ મીડિયામાં વહેતા થયા છે. હાલમાં એક બાજુ ભારે વરસાદની આગાહી છે. ત્યારે શહેરમાં ઠેરઠેર કાદવ કિચ્ચડ વચ્ચે રોગચાળાની દહેશત પ્રવર્તી રહી છે. ત્યારે શહેરીજનોની વ્હારે આવવાને બદલે પાલિકા પ્રમુખ સહિતના નગરસેવકો કટાણે ગોવાની સહેલગાહે જતા સમગ્ર મામલો ચર્ચાની એરણે ચડ્યો છે.

**ચાર્જ આપ્યા વગર જ રવાના.**

પાલનપુરમાં ભારે વરસાદની આગાહી વચ્ચે વરસાદ થતા ગંદકી અને માંદગી વચ્ચે પાલિકાના સૂત્રધારો શહેરીજનો ની ચિંતા કર્યા વગર ગોવાની સફરે ઉપડી ગયા છે. જેમાં પાલિકા પ્રમુખ તો ચાર્જ આપ્યા વિના જતા રહ્યા હોવાના અહેવાલો છે. ત્યારે, પાલિકા પ્રમુખ સહિત મહત્વની કમિટીઓના ચેરમેન પણ ગોવાની સફરે જતા વહીવટ પણ ઠપ્પ થઈ જવાની સાથે શહેરીજનો પણ ધક્કે ચડ્યા હોવાની વાતો વહેતી થઈ છે. જોકે, સહેલગાહે જવું એ જે-તે નગરસેવકોનો અંગત નિર્ણય છે. તેનો વિરોધ ન હોઈ શકે પરંતુ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ તરીકે જરૂરિયાત ટાણે હાજર ન રહી કટાણે થયેલી ગોવાની સહેલગાહને લઈને ખુદ ભાજપી વર્તુળોમાં કચવાટની લાગણી જોવા મળી રહી છે.



### ખેડબ્રહ્માના ખેડવા જળાશયના બે દરવાજા ખોલાયા : હરણાવ નદી બંને કાંઠે

ખેડબ્રહ્મા પંથકમાં બપોરે ભારે વરસાદના કારણે હરણાવ નદીના ઉપર વાસના ખેડવા ડેમના બે દરવાજા ખોલાયા હતા. શનિવાર બપોરે ખેડબ્રહ્મા અને ઉપરવાસમાં ભારે વરસાદ વરસ્યો હતો. જેને લઈ ખેડવા ડેમમાં ૫૦૦ ક્યુસેક પાણીની આવક થતા બે દરવાજા ખોલી ૫૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું અને હરણાવ નદીના કિનારાના ૧૦ ગામોને સતર્ક કરાયા હતા. ખેડબ્રહ્માના, બાસોલ, નવાનાના, ભૂતિયા, પરોયા, રોધરા, જગનાથપુર, સીતોલ બોરડી, પઢારા અને વરતોલ ગામોને સતર્ક કરાયા હતા. પાણી છોડવામાં આવતા હરણાવ નદી બે કાંઠે વહેતી થતા શહેરીજાનો જોવા ઉમટી પડયા હતા.

## પાલનપુરની કોર્ટમાં મુદત્તે હાજર ન રહેતા સાધ્વી જયશ્રીગીરી સામે ગુનો નોંધાયો

વડગામના મુક્તેશ્વર મઠના સાધ્વી જયશ્રીગીરી સામે પાલનપુરમાં મારામારી, વ્યાજના નાણાંની ઉઘરાણી, અપહરણ સહિતના ગૂના નોંધાયેલા છે. જેનો કેસ પાલનપુર કોર્ટમાં ચાલી રહ્યો છે. દરમિયાન પશ્ચિમ પોલીસ મથકમાં નોંધાયેલા ગૂનામાં તેણી કોર્ટમાં હાજર રહેતી ન હોઈ કોર્ટ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતાં ચકચાર મચી જવા પામી હતી.

વડગામના મુક્તેશ્વર મઠના સાધ્વી જયશ્રીગીરી સામે પાલનપુર, અમદાવાદમાં પાંચ ઉપરાંત ગૂનાઓ નોંધાયા છે. જેમાં મારામારી,



વ્યાજના નાણાંની પઠાણી ઉઘરાણી, અપહરણ સહિતની ફરિયાદો નોંધાઈ હતી. જેના કેસ પાલનપુરની કોર્ટમાં ચાલી રહ્યા છે. દરમિયાન પાલનપુરની ચીફ કોર્ટમાં ચાલતા કેસમાં જામીન મેળવ્યા બાદ કોર્ટની ટ્રાયલ દરમિયાન હાજર ન રહેતા અને હાજર ન રહેવા બાબતે કોર્ટમાં પુરતા કારણો રજુ ન કરનારા સાધ્વી જયશ્રીકાનંદગીરી ઉર્ફે જયશ્રીગીરી ગુરૂ જગદીશગીરી સામે પાલનપુરની ચીફ જ્યુ. મેજી. કોર્ટના મહેમુદખાન નવરંગખાન જાલોરીએ પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.



## મોડાસા નગરપાલિકાનો પ્રિ-મોન્સૂન પ્લાન પાણીમાં ધરાશાયી

મોડાસા શહેરમાં ૩ કલાકમાં ખાબકેલા ૨ ઈંચથી વધુ વરસાદમાં જ જાહેર માર્ગો પર તેમજ કેટલાક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં નગરપાલિકાના પ્રિ મોન્સૂન પ્લાનનો ફિયાસ્કો થઈ જવા પામ્યો છે. મોડાસા ચાર રસ્તા, બસ સ્ટેન્ડ પાછળના વિસ્તારોમાં પાણી ભરાતા ૨૦થી વધુ સોસાયટીઓના રહીશોને અવર-જ્વરમાં ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. કેટલાક વિસ્તારોમાં વરસાદી પાણીની ગટરોની સફાઈની કામગીરીમાં પોલમપોલ થતા સોસાયટીઓમાં ઢીંચણ સમા પાણી ભરાઈ જતા નગરજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. મોડાસા નગરપાલિકા તંત્ર વરસાદી પાણીના નિકાલ માટે વર્ષે દહાડે કરોડો રૂપિયા ભૂગર્ભ ગટર યોજના પાછળ ખર્ચવા છતાં શહેરની સ્થિતિ ઠેરની ઠેર પ્રવર્તી રહી છે. મોડાસા શહેરની વિદ્યાકુંજ સોસાયટી, લઘુમતી વિસ્તારમાં આવેલી કેટલીક રહેણાંક સોસાયટીઓ અને વિસ્તારો અને બસસ્ટેન્ડ પાછળ આવેલી વિવિધ સોસાયટીઓમાં વરસાદની ઋતુ સમયે શહેરના વિવિધ વિસ્તારોમાં ઘૂંટણ સમા પાણી ભરાઈ જતા હોય તેમજ કેટલીક સોસાયટીઓમાં તો ઘરવખરી પણ તણાઈ જાય તે પ્રકારે પાણી ભરાતા હોય છે. શનિવારે સવારે મુશળધાર વરસાદ ખાબકતા મોડાસા શહેરનો પ્રિ-મોન્સૂન પાણીમાં ધરાશાયી થતા વિદ્યાકુંજ સોસાયટી સહીત લઘુમતી વિસ્તારમાં ઢીંચણ સમા પાણી ભરાતા બેટમાં ફેરવાતા સોસાયટીના રહીશોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

### મોડાસા પંથકમાં ભાદરવાના પ્રારંભે મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ

# દધાલિયા ગામે મહિલા પાણીમાં તણાઈ

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જીલ્લામાં આકાશે વાદળો ગોરંભાયા પછી મોડાસા પંથકમાં વહેલી સવારે મુશળધાર વરસાદ થતા જનજીવન પ્રભાવિત બન્યું હતું. ૩ કલાકના સમયગાળામાં ૩.૫ ઈંચ વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોના માર્ગો પર પાણી ભરાતા થોડાક




કલાકો માટે તો જાણે જનજીવન થંભી ગયું હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. દધાલિયા ગામમાં તો પૂરની સ્થિતિ પેદા થઈ હતી. વરસાદી વહેતા પાણીમાં રોડ પર ચાલતી મહિલા તણાતા ભારે અફડાતફડી મચી હતી, આજુબાજુમાંથી લોકોએ દોડી આવી બચાવી લીધી હતી. રાવળ વાસના મકાનોમાં પાણી ઘુસી જતા રાવળ મણાભાઈ સોમાભાઈનું મકાન ધરાશાયી થતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું.

અરવલ્લી જીલ્લાના મોડાસા-ધનસુરા પંથકમાં સવારથી ધોધમાર વરસાદ ખાબકતા દધાલીયામા રસ્તા પર વરસાદી પાણી વહ્યા હતા. વરથુ, મોતીપુરા અને જંબુસર, સરડોઈ, વાઘોડિયા, લાલપુર, પાદર, શામપુર, સજાપુર, ટીંટીસર સહિતના ગ્રામ્ય વિસ્તારમાં ૩ કલાકમાં ૩.૫ ઈંચ વરસાદ ખાબકતા ખેતરો અને નીચાણવાળા માર્ગો પર પાણી ફરી વળ્યાં હતા. સરડોઇ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા બાળકો સરડોઇ-લાલપુર રોડ પર આવેલા ડીપ પર પાણી ફરી વળતા વિદ્યાર્થીઓ ફસાતા બંને ગામના ગ્રામજનોએ માનવ સાંકળ રચી વિદ્યાર્થીઓને ઘરે પહોંચાડવા કવાયત હાથ ધરી વિદ્યાર્થીઓને સહી સલામત ઘરે પહોંચાડ્યા હતા.

# દિયોદર તાલુકા પંચાયત કચેરીમાં આવેલ શૌચાલયમાં દારૂની બોટલોનો ખડકલો

### ગંદકીથી ફૂલીફાલી રહેલા આ શૌચાલયની સફાઇ જ કરવામાં આવતી નથી

બનાસકાંઠા જિલ્લાના દિયોદર ખાતે આવેલ તાલુકા પંચાયતમાં લાખોના ખર્ચે બનાવવામાં આવેલ શૌચાલય હાલમાં ભંગાર હાલતમાં ભાસી રહ્યું છે અને નવાઈની વાત તો એ છે કે આ શૌચાલયમાં દારૂની બોટલોનો ખડકલો જોવા મળી રહ્યો છે.



બનાસકાંઠા જિલ્લામાં સરકારી વિકાસ કામોમાં સરકારી માલ મિલકતને સાચવણી કરવામાં તંત્ર નબળું પુરવાર થઈ હોય તેવું જણાઈ રહ્યું છે. જિલ્લાના દિયોદર ખાતે આવેલ તાલુકા પંચાયતમાં લાખો રૂપિયાના ખર્ચે શૌચાલય બનાવવામાં આવેલું છે પરંતુ આ શૌચાલયની હાલત જોતાં શૌચાલયમાં માણસ તો ઠીક પણ પશુ પણ પગ ન મૂકે તેવી સ્થિતિમાં જોવા મળી રહ્યું છે. શૌચાલયની અંદર દારૂની બોટલોનો પણ ખડકલો જોવા મળી રહ્યો છે. ત્યારે સવાલ એ ઉદભવે છે કે દિયોદર તાલુકા પંચાયત કચેરીના શૌચાલયમાં દારૂની બોટલો આવી ક્યાંથી ? આ બાબતે તપાસ હાથ ધરવામાં આવે તો કંઈક નવું જ રહસ્ય ખુલે તેવી સંભાવના વર્તાઈ રહી છે.

## પાલનપુરમાં કારની ટક્કરે બે વીજ થાંભલા જમીન દોસ્ત

પાલનપુર એરોમા સર્કલથી હનુમાન ટેકરી તરફ જતાં આબુ હાઈવે પર ગતરોજ એક કાર ચાલકે પુરઝડપે ગફલતભર્યુ ડ્રાયવીંગ કરી ત્રણ વીજ થાંભલાને ટક્કર મારી હતી. સ્કુલ નજીક બનેલા આ અકસ્માતને પગલે ભારે અફરા-તફરી મચી જવા પામી હતી. જોકે, સદનસીબે કોઈ જાનહાની ન થતાં સૌએ હાશકારો અનુભવ્યો હતો. આ અંગે એક જાગૃત નાગરિકે કાર ચાલક સામે પગલા ભરવા માટે પોલીસ મથકે અરજી આપી હતી.

પાલનપુર – આબુ હાઈવે પાસે આવેલી સ્વસ્તિક હાઈસ્કુલ નજીકથી પુરઝડપે પસાર થઈ રહેલા ઈનોવા કારના ચાલકે પુરઝડપે અને ગફલતભર્યુ ડ્રાઈવીંગ કરી બે વીજથાંભલાઓને ટક્કર મારી હતી. જેમાં થાંભલા જમીન દોસ્ત થઈ ગયા હતા. આ ઘટના સમયે સ્કુલ નજીક બાળકોની અવર-જવર હોઈ ભારે અફરા-તફરી મચી જવા પામી હતી. દરમિયાન ઈનોવા કારના સગીર ચાલકે અકસ્માત સર્જ્યા બાદ પોતાના બચાવમાં કારની નંબર પ્લેટ કાઢી નાંખી થાંભલા પણ હટાવવા પ્રયત્નો કર્યા હોવાનું ચર્ચાઇ રહ્યું છે. ત્યારે આ ચાલક સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે પાલનપુર તાલુકાના જગાણા ગામના અતુલભાઇ ત્રિવેદીએ પશ્ચિમ પોલીસ મથકમાં અરજી કરી હતી.

# પ્રાંતિજના મામરોલી ખાતે ગ્રામજનો દ્વારા શાળાને તાળાબંધી

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મામરોલી ગામે આવેલ શ્રી મામરોલી પ્રાથમિક શાળામાં ગ્રામજનો દ્વારા શાળાને તાળાબંધી કરવામાં આવી હતી. શાળામાં ધોરણ-૬ અને ૭ બંધ કરાતા ગ્રામજનોએ તાળાબંધી કરી વિરોધ કર્યો હતો.

પ્રાંતિજના મામરોલી ખાતે આવેલ શ્રી મામરોલી પ્રાથમિક શાળામાં ધોરણ-૬અને ધોરણ-૭માં કુલ-૨૧ વિદ્યાર્થી હોવાને લઈને સરકાર દ્વારા શાળામાં આવેલ ધોરણ-૬ અને ધોરણ ૭ બંધ કરવામાં આવતા આજે શનિવારના રોજ વાલીઓ તથા ગ્રામજનો શાળાએ દોડી આવ્યા હતા અને શાળાએ આવીને શાળાના પ્રવેશ દ્વાર ઉપર તાળુ મારી રોષ વ્યક્ત કરી વિરોધ કરવામાં આવ્યો હતો. ગ્રામજનોના જણાવ્યા મુજબ અમે આ વર્ષે ધોરણ આઠની મંજુરી માંગી છે અને સરકાર દ્વારા હાલ તો ધોરણ-૬ અને ૭ બંધ કરી દેતા અમારા બાળકોને પ્રાંતિજ ખાતે ત્રણથી ચાર કિલોમીટર દુર જવાનો વારો આવ્યો છે જે અમને મંજુર નથી જેના વિરોધમાં અમે ધોરણ-૬ અને ૭ ચાલુ નહી થાય ત્યાં સુધી શાળાના તાળા ખોલીશુ નહી.



પ્રાંતિજ તાલુકા શિક્ષણાઅધિકારી ટી.કે. વાઘેલાને ટેલીફોનિક પુછતા તેવોએ જણાવ્યું કે આ સરકારની પોલીસી છે અને આઈટીના નિયમો તથા ઠરાવ જોગવાઈ મુજબ ધોરણ-૬ અને ધોરણ-૭ બંધ કરવામાં આવી છે અને મને મામરોલી ગામે તાળાંબધી થયેલ છે તે સમાચાર મળતાં જ હુ તાત્કાલિક સ્થળ ઉપર દોડી જઈને શિક્ષણ કાર્ય ચાલુ થાય તે માટે વાલીઓ તથા ગ્રામજનોને સમજાવવા પ્રયાસ કર્યો હતો પણ ટસના મસ ના થયા.

## ડીસા નજીક ફાર્મ હાઉસ પરથી જુગાર રમતા ચાર ઝડપાયા

ડીસા પંથક માં જુગાર ની બદી મોટા પ્રમાણ માં ફૂલી ફળી છે તેમાંય શહેરી વિસ્તાર કરતા ફાર્મ હાઉસ માં મોટા પ્રમાણ માં જુગાર ખેલાવા માં આવી રહ્યો છે ત્યારે ગત રોજ શુક્રવારે ડીસા પાલનપુર હાઈવે નજીક કલ્યાણપુરા પાટિયા નજીક એક ડીસા ના પ્રતિષ્ઠિત વેપારી ના ફાર્મ હાઉસ માં જુગાર રમાતો હોવાની બાતમી આધારે ડીસા તાલુકા પોલીસ ની ટીમે ઓચીંતો છાપો મારતા ગંજી પાનાં નો.જુગાર રમતા (૧)શંકરલાલ ગોકલભાઈ પ્રજાપતિ (૨) બાબુલાલ રામાભાઈ પ્રજાપતિ (૩) પ્રફુલ સંકરભાઈ પ્રજાપતિ (૪) પરબજી ઈશ્વરજી ઠાકોર તમામ રહે કરછી કોલોની ડીસા વાળા ઝડપાઈ જતા તેમની પાસેથી રોકડ ૧૭૭૦૦/ રોકડ કબ્જે લઈ તમામ વિરુદ્ધ જુગારધારા ની કલમ મુજબ ગુનો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### ભિલોડાના રામેળા ગ્રામ પંચાયતના તલાટીએ

# યુવકને કુંવારાનું સર્ટિફિકેટ આપતા અચરજ

ભિલોડા તાલુકાના રામેળા ગ્રામ પંચાયતના તલાટીએ હિંમતનગર ખાતે લશ્કરી ભરતી મેળામાં ભાગ લેનાર અરજદારો માટે અપરણિત કે પરણિત અંગેનું સર્ટિફિકેટ રજુ કરવાનું હોય એક યુવકનું અપરણિત હોવા અંગેનું સર્ટિફિકેટ આપવામાં આવતા સર્ટિફિકેટમાં સ્પેલિંગમાં ભૂલ હોવાની સાથે ઉચ્ચારણમાં પણ ભૂલ જણાતા સમગ્ર મામલો સોશ્યલ મીડિયામાં ભારે રમૂજ ફેલાઈ છે. તલાટીએ મેરેજ સર્ટિફિકેટ જે તે સંલગ્ન કચેરી તરફથી આપવામાં આવતું હોય છે ત્યારે ગ્રામ પંચાયતના તલાટીએ મેરેજ સર્ટિફિકેટ ઈસ્યુ કરી દેતા તાલુકા વિકાસ અધિકારીએ સમગ્ર મામલે તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાની રામેળા ગ્રામ પંચાયત દ્વારા કુંવારાનું સર્ટી આપવામાં આવ્યુ છે. સર્ટીફીકેટની નકલ સોશિયલ મિડીયામાં વાયરલ થતાં ગ્રામપંચાયતના સત્તાધિશો સામે ગંભીર સવાલો ઉભા થયા છે. સ્વાભાવિક રીતે મેરેજ સર્ટીફીકેટ જે તે ઓથોરીટી દ્વારા અપાય પરંતુ કુંવારાનું સર્ટી વિવિધ માધ્યમોમાં વાયરલ થતા નવાઈ સાથે આશંકાનો વિષય બન્યુ છે. સાચું હોવા છતાં બનાવટી લાગતું સર્ટીફીકેટ તાલુકા પંચાયતને ખબર પડતાં વહીવટી આલમમાં ખળભળાટ મચી ગયો છે.



UNMARRID CERTIFICATE

This is certify that shr/mr/miss kopsa Alpeshkumar Kantibhai

Son of Shri Kopsa Kantibhai Manjibhai hi is from At-Ravtavata- Po-dahegamda Dist-Aravlli

State Gujarat. his Date of Birth 30/11/1998 and he is unmarried according to panchayt

record of Ramela Grup Gram Panchayt

તલાટી કમ મંત્રી
રામેળા ગ્રામ પંચાયત
તા. ભિલોડા, જિ. અરવલ્લી

સુત્રોએ જણાવ્યુ હતુ કે, સાબરકાંઠા જીલ્લામાં તાજેતરમાં લશ્કરી ભરતી મેળો હોઈ અરજદારો માટે કુંવારા હોવાની ખાતરી મંગાવવામાં આવી હતી. આથી અરજદારોએ પોતાના ગામની પંચાયતમાં જઈ પોતે કુંવારો હોવાનો દાખલો કાઢી આપવા કહ્યું હતુ. આથી ભિલોડા તાલુકાની રામેળા ગ્રામ પંચાયતના ઓપરેટર અને તલાટીએ અંગ્રેજીમાં અનમેરીડ સર્ટીફીકેટ બનાવી આપતા સવાલો ઉભા થયા છે. કુંવારાના સર્ટીફીકેટ મામલે રામેળા ગ્રામ પંચાયતના તલાટી એ.યુ. પરમારે શરૂઆતમાં કુંવારાનું સર્ટીફીકેટ મેં નથી આપ્યુંનું રટણ ચાલુ કર્યા પછી અંતે ક્ષતિ રહી ગઈ હોવાનું જણાવી કુંવારાનું સર્ટીફીકેટ પોતે જ આપ્યું હોવાનું એકરાર કરી રહ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

**ભિલોડા તાલુકા વિકાસ અધિકારી જણાવ્યા અનુસાર**

રામેળા ગ્રામ પંચાયતના તલાટીએ કુંવારા યુવકને અપરણિત તરીકે સર્ટિફિકેટ અંગે જણાવ્યું હતું કે આ અંગે સંલગ્ન કચેરીના અધિકારીને તપાસના આદેશ આપ્યા હોવાનું જણાવી તલાટી સીધી રીતે કાયદાકીય પ્રક્રિયા કર્યા વગર એવું સર્ટિફિકેટ આપી શકતા ન હોવાનું જણાવ્યું હતું.

## વડગામના છનીયાણા સ્કૂલના વિદ્યાર્થીએ માટીની ગણેશજીની મૂર્તિઓ બનાવી

વડગામ તાલુકાના છનીયાણા ગામના સ્કુલમાં ભણતા વિદ્યાર્થી એ માટીના ગણેશ જી ની મૂર્તિઓ બનાવી હતી. અને બે દિવસ પસી ગણેશ મહોત્સવ આવવાથી લોકોને ઈકોફ્રેંડલી મૂર્તિઓ નો ઉપયોગ કરવાનો સંદેશ આપ્યો હતો. વડગામ તાલુકાના છનીયાણા ના પ્રજાપતિ ફલજી દાસ નો પુત્ર નિકુલ ૯ માં ધોરણ માં ભણએ છે. અને તેને માટીની વિવિધ કૃતિઓ બનાવવાનો શોખ છે. ત્યારે તેને આં વરસે ગણેશ મહોત્સવ પહેલા કાળી માટી માથી ગણેશ જી ની વિવિધ પ્રકારની મૂર્તિઓ બનાવી હતી. અને નિકુળ કહ્યું હતું કે બીજા જેરી કેમિકલની મૂર્તિઓ બનાવવાથી અને તેનું વિસર્જન નદીઓ,તળાવો અને પર્યાવરણ ને મોટું નુકસાન પહોંચે છે. અને જેના લીધે ભગવાનની મૂર્તિઓ ની અવદસા આવે છે. અને જેના લીધે ધાર્મિક લોકો ને ભગવાન પ્રત્યે ઠેસ પહોંચે છે.અને જો લોકો માટીના ગણેશ ની પૂજા કરશે.